## " સાફલ્યગાથા "

## તા.૧૦/૦૨/૨૦૧૪ થી ૧૬/૦૨/૨૦૧૪

### મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ❖ કડોદરા GIDC પો.સ્ટે. ગુમ જા.જોગ નં. ૩/૨૦૧૩ ગુમ થનાર સોનીબેન W/O. શશીભુષણ બૈજનાથ ચૌધરી ઉવ.૪૦ રહે.તાતીથૈયા શિવમ કોમ્પલેક્ષ તા.પલસાણા નાની તા.૧૫/૦૨/૨૦૧૪ ના રોજ પરત મળી આવેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે. ગુમ જાણવા જોગ નં.૫/૨૦૧૪ મુજબના કામે ગુમ થનાર વિશ્વાબેન D/O. બિપીનભાઇ ડાહ્યાભાઇ પટેલ ઉવ.૧૬ રહે. મોટી ભટલાવ તા.બારડોલી નાની તા.૧૭/૦૨/૨૦૧૪ ના રોજ પરત મળી આવેલ છે.
- ❖ માંડવી પો.સ્ટે. ગુમ જા.જોગ નં. ૩/૨૦૧૪ ગુમ થનાર ચાંદની D/O. સાદીક શેખ મોહમદ ઝુબેર ઉ.વ.૧૮ રહે. તડકેશ્વર ગામ તા.માંડવી નાની તા.૧૦/૦૨/૨૦૧૪ ના રોજ પરત મળી આવેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે. ગુમ જા.જોગ નં. ૪/૨૦૧૪ ગુમ થનાર અમિષાબેન D/O. હસમુખભાઇ મગનભાઇ પરમાર ઉ.વ.૧૯ રહે. સેવણી તા.કામરેજ નાની તા.૧૭/૦૨/૨૦૧૪ ના રોજ પરત મળી આવેલ છે.

### જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ બારડોલી । ગુ.ર.નં.૬૨/૦૧૪ ઇ.પી.કો.કલમ ૩૫૪, ૩૨૩, ૫૦૪,૧૧૪ મુજબ. ના કામે (૧) સાબીર હમીદ શેખ (૨) આસિફ હમીદ શેખ (૩) સલીમ હમીદ શેખ (૪) શબાના તે સાબીર શેખની પત્ની તમામ રહે. બારડોલી તલાવડી સ્મશાનભુમી રોડ તા. બારડોલી જી.સુરત નાઓને ૧૧/૦૨/૦૧૪ ક.૧૨/૦૦ વાગે અટક કરવામાં આવેલ છે.
- ❖ બારડોલી બારડોલી ।-૫૭/૦૧૪ ઇ.પી.કો. કલમ-૩૬૩,૩૬૬, ૩૭૬, મુજબ ના ગુનાના કામે જિગ્નેશભાઇ મહેન્દ્રભાઇ રાઠોડ રહે. નવું ફળીયુ માંડ્વી તા.માંડવી જી. સુરત. નાઓને ૧૪/૦૨/૦૧૪ ક.૧૧/૩૦. વાગે અટક કરવામાં આવેલ છે.
- ❖ ઓલપાડ । ૩૦ /૨૦૧૪ ઇ.પી.કો.૪૫૭, ૩૮૦, ૧૪૪, ૫૧૧ મુજબ ના ગુનાના કામે (૧) પ્રભુરામ હિરાજી દેવાસી જાતે રબારી રહે. ઇસરા ગામ, રબારીવાસ, પોસ્ટ.તા. પીનવાલ, જી.શીરોહી (રાજસ્થાન) હાલ રહે. કડોદરા ચાર રસ્તા, બસ સ્ટેન્ડની બાજુમાં સરદાર રો-હાઉસ, બાબુભાઇના મકાનમાં ભાડેથી, તા.પલસાણા, જિ.સુરત

- (૨) રામલાલ ગણપતદાસ સ્વામી જાતે પંડિત રહે. મોગેરા, પોસ્ટ-તા. સરદારશહેર, જિ.ચુરૂ ( રાજસ્થાન) હાલ રહે. કીમ, આશા ટોકીઝની સામે ભુરાભાઇના મકાનમાં ભાડે નાઓને ૧૫/૦૨/૧૪ કલાક ૧૧/૩૦ અટક કરવામાં આવેલ છે.
- કામરેજ I 73/2014 IPC 363, 366 મુજબ ના ગુનાના કામે જયેશભાઇ જીવાભાઇ ભરવાડ રહે-કઠોર ખોલવડ ખેતીવાડી ફાર્મ તા.કામરેજ જી.સુરતનાઓને ૧૬/૨/૨૦૧૪ ક ૧૪/૩૦ વાગે અટક કરવામાં આવેલ છે.

## જિલ્લા પોલીસ દ્વારા મહિલાઓને સુરક્ષા મળી રહે તે હેતુસર ૧૪ પીસીઆર વાનનું લોકાર્પણ તણાવની સમસ્યાનો ભોગ બનતા



# સુરત જિલ્લામાં ગુનાખોરી ડામવા જિલ્લા પોલીસવડા દ્વારા પીસીઆર વાનનું લોકાર્પણ

પ...ણા, તા. ૧૬

સુરત જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવવાની પોલીસ કામગીરીને આધુનિક અને સુસજ્જ માળખું બનાવી અકસ્માતોની ઘટના મારામારી સહિત મહિલાઓની સુરક્ષાના વિશાળ દ્રષ્ટિકોણ સાથે સુરત જિલ્લા પોલીસ વડા એસપી પ્રદીપ સેજુલ દ્વારા પોલીસ કંટ્રોલ રૂપ સંચાલિત ૧૩થી અધિક વાહનોની સુદ્દઢ યોજનાને અમલમાં મૂકતા કડોદરા ચારરસ્તા પોલીસ ચોકી નજીકથી ફ્લેગ ફરકાવી લોકાર્પણ કરાયું હતું.

આ અવસરે ડીએપી પ્રદીપ સેજુલે માહિતી આપતા જણાવ્યું હતું કે, મોટો પરીઘ ધરાવતા સુરત જિલ્લામાં પોલીસ અને પોલીસ વાહનોની સંખ્યા ઓછી છે. કોઈપણ આકસ્મિક ઘટના બને ત્યારે પોલીસને ઘટનાસ્થળે સુધી પહોંચતા વાર લાગે છે. આ સમસ્યાના નિવારણના ઉદેશ સાથે સુરત જિલ્લાના ૧૩ જેટલા પોલીસ મથકના હદ વિસ્તારને ૧૪ ભાગોમાં વિભાજિત કરી પોલીસ કંટ્રોલ રૂપ વાહનો ફાળવાયા છે. કોઈપણ ઇમરજન્સી અકસ્માત, અજુગતી ઘટનાઓ અને વિશેષ કરીને મહિલાઓની સમસ્યાઓને જલદીથી પોલીસ સહાય મળી રહે તેવા આશય સાથે પ્રતિ પીસીઆર વાહન દીઠ એક ડ્રાઇવર અને બે રિસ્પોન્ડંટનો સ્ટાફ તેઓને ફાળવાયેલા આશરે ૭૦ કિમી પ્રતિ વિભાગ મુજબના ઝોનમાં સમગ્ર દિવસ રાત (૨૪ કલાક) ફરતી રહેશે.

કડોદરા ચાર રસ્તા મુકામેથી ૧૩ પીસીઆર અને ૨ ક્યુઆરટી વાહનોને પોતાના કાર્યક્ષેત્રમાં ફરજ બજાવતા પ્રસ્થાન કરવાની લીલીઝંડી દર્શાવી એક સુંદર આયોજનનું લોકાર્પણ કરાયું હતું. આ અવસરે ડીએસપી પ્રદીપ સેજુલે જણાવ્યું હતું કે પ્રત્યેક વાહનોના તાલીમબદ્ધ કર્મચારીઓ નિમાયા છે. નાગરિકોને જાહેર વિનંતી કરતા તેમણે જણાવ્યું હતું કે, હવેથી કોઈપણ ઇમરજન્સી અકસ્માત જેવા અવસરોએ માત્ર હેલ્પલાઇન નં. ૧૦૯૧ ડાયલ કરવાથી જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા જે તે વિસ્તારની પીસીઆર વાનને જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા તે જે વિસ્તારની પીસીઆર વાનને તાત્કાલિક સંદેશો આપી ઘટનાસ્થળે રવાના કરાશે. જેથી ઔદ્યોગિક વિસ્તારો સહિત હાઇવેના ગુનાઓ અને વિવિધ પ્રકારના ગુનાઓને કાબૂમાં રાખવા આ યોજના કારગત નીવડશે. આગામી દિવસોમાં આ બધા વાહનોમાં જીપીએસ સિસ્ટમ પણ લગાવાશે જેનાથી મોનિટરિંગ સુસજ્જ થશે.

## ૨૦ ગામડાંને દત્તક લેવાશેઃ પ્રદીપ સેજુલ

ઓલપાડઃ સુરત જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજૂલે જણાવ્યું કે, તાલુકામાં દારૂનું દૂષણ વધુ હોય તેને અટકાવવું જરૂરી છે. ત્યારે તાલુકામાં વ્યસનમુક્તિ અભિયાન હેઠળ વપશી ૨૦ ગામડાંને દત્તક લેવામાં આવશે. જેમાં ગામના સરપંચોને સહકાર આપવા તેમણે આહ્વાન કર્યું હતું.

# ઓલપાડમાં આજે લોકદરબારઃ ગુનાખોરી અને સ્થાનિક સમસ્યા મુદ્દે ગ્રામજનો રજૂઆત કરશે

**ઓલપાડ, તા. ૧૬**

ઓલપાડ પોલીસ સ્ટેશન નજીક સોમવારે કોમ્યુનિટી હોલમાં સુરત જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુલની ઉપસ્થિતિમાં સવારે ૧૦-૩૦ વાગ્યે ત્રણ વર્ષ બાદ લોકદરબાર યોજાશે. જેમાં ગામના લોકો તેમજ તાલુકાના રાજકીય આગેવાનો હાજર રહી પ્રશ્નોનો મારો ચલાવશે.

**વેલુક ગામે તાડી પીવાથી બે હળપતિ યુવાનનાં મોત થતાં જિલ્લા પોલીસ વડા દ્વારા લોક દરબારની જાહેરાત કરાઈ હતી, કોમ્યુનિટી હોલમાં કાર્યક્રમ યોજાશે**

છેલ્લા ઘણા સમયથી ઓલપાડમાં લોકદરબાર યોજાવાની વાટ જોઈ નગરજનો બેઠા હતા. પરંતુ લોકદરબારનું આયોજન કરાતું નહોતું. સુરત જિલ્લાના બારડોલી, કોસંબા, માંગરોળ, કીમ જેવા વિસ્તારોમાં અવારનવાર લોકદરબારનું આયોજન કરવામાં આવતું હતું. ત્યારે ઓલપાડમાં પણ લોકદરબાર યોજાશે એને પોલીસ અધિકારીઓને રૂબરૂમાં રજૂઆત કરવાનો મોકો મળશે એવી આશા બાંધી ઓલપાડની પ્રજા બેઠી હતી. જોકે, લોક દરબારને જાણે ગ્રહણ લાગી ગયુ હોય તેમ લોકદરબાર યોજવાનું કે તેનું આયોજન કરવાનું ઉચ્ચ પોલીસ અધિકારીઓ નક્કી કરતાં નહોતા. અંતે તાલુકાના અગ્રણીઓની ફરિયાદો અને ઓલપાડ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં વધી રહેલી ગુનાખોરીને લઈ ઓલપાડવાસીઓ [illegible] અવારનવાર રજૂઆતો કરતા હતા. જોકે, આજદિન સુધી લોલીપોપ જ અપાયો હતો, ત્યારે તાલુકાના વેલુક ગામે તાડી પીવાથી બે હળપતિ યુવાનોના મોતની ઘટના બાદ હરકતમાં આવેલી જિલ્લા પોલીસે લોકદરબાર યોજવાનું મન બનાવ્યું હતું. તેથી જ આજે સોમવારે ઓલપાડ ખાતેના કોમ્યુનિટી હોલમાં જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુલની ઉપસ્થિતિમાં લોકદરબાર યોજાશે. આ પ્રસંગે આસિસ્ટન્ટ સુપરિ. પોલીસ સરોજકુમારી પણ હાજર રહેશે અને ગ્રામજનોની રજૂઆત સાંભળશે. ત્યારે છેલ્લા ઘણા સમયથી લોકદરબારની વાટ જોઈ બેઠેલા ઓલપાડવાસીઓ ઉચ્ચ અધિકારીને રજૂઆત કરવા માટે થનગની રહ્યા હતા.

C:\Users\chetanp\AppData\Local\Microsoft\Windows\Temporary Internet Files\Content.IE5\JH9VVKGF\Saflya_Gatha_10.02.14_to_16.02.14[1].doc

# કીમખાડીમાં હત્યા કરીને લાશ ફેંકી દેવાના કિસ્સામાં બે શખ્સની ધરપકડ

■ **રાજસ્થાનમાં આવેલા કેરીના ઝાડ બાબતે ઝઘડો થતાં હત્યા થઈ હતી**

કોસંબા તા,૧૭

સુરત જીલ્લાના સિયાલજ ગામ નજીકથી પસાર થતી કીમ ખાડીમાંથી ૧૯ મી જાન્યુઆરી ૨૦૧૪ ના રોજ કીમ જીઆઈડીસીમાં કરંજ ખાતે આવેલી ફેરડીલ કંપનીમાં રસોઈયા તરીકેનું કામ કરતા ભવરસિંગ હમીરસિંગ રાજપુતની લાશ મળી આવી હતી. કોઈકે તેની હત્યા કરી લાશને કોથળામાં વીંટાળીને કીમ નદીમાં ફેંકી દીધી હતી. આ ઘટનાની તપાસમાં કોસંબા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ કીમ જીઆઈડીસીના કરંજ ખાતે આવેલી ફેરડીલ કંપનીમાં ભવરસિંગ હમીરસિંગ રાજપુત રસોઈયા તરીકેનું કામ કરતો હતો. જે ૧૪મી જાન્યુઆરીના દિવસે નવાપુરા ખાતે આવેલી નેવીટેક્સ ફેક્ટરીમાં રસોઈયાનું કામ કરતો ભેરુ ઉર્ફે હીરો ભવરલાલ ગમેતી (ગામ - રાવલીયાખુર્દ પાટીયામાં, તા.ગોગુંદા, જી.ઉદયપુર, રાજસ્થાન) તેમજ ચમનલાલ ઉર્ફે સન્ની (મુળ રહે. ડીંગોરી, ભાલ મહોલ્લો, તા.ગોગુંદા, જી.ઉદયપુર, રાજસ્થાન)ને મળવા માટે ગયો હતો. ત્યાં કેન્ટીન આગળ ચમનલાલ ઉર્ફે સન્ની તથા ભેરુલાલ સાથે ઝઘડો થતાં કરંજ ઉપરના સિક્યુરીટી સુપરવાઈઝર સંજયસિંગે તે ત્રણેયને ગેટની બહાર કાઢી મુક્યા હતા. ત્યારબાદ રાતનો સમય હોવાથી તે ત્રણેએ થોડે દુર જઈ ખુલ્લી જગ્યામાં ઝઘડો કરી ચમનલાલ ઉર્ફે સન્નીએ તથા ભેરુલાલે ભવરસિંગને પથ્થર મારીને મોતને ઘાટ ઉતારી તેની હત્યા કરી નાંખી હતી. આ ઉપરાંત ભવરસિંગની લાશને સગેવગે કરવા માટે ચમનલાલ ઉર્ફે સન્નીએ તેની સાથે કામ કરતા નોજારામ ઉર્ફે મહેન્દ્ર સ્વરુપરામ ગમેતીને ફોન કરતા મહેન્દ્ર મોટરસાઈકલ લઈને તેની સાથે મોહનને બેસાડી ઘટનાસ્થળે લઈ જઈ ચારેય



કોસંબા પોલીસે હત્યા કેસમાં પકડેલા આરોપી તસવીરમાં નજરે પડે છે. (દીપક ટેલર)

જણાંએ ભેગા મળી ભવરસિંગની લાશને કોથળામાં ભરીને કીમ નદીમાં ફેંકી દીધી હતી.

આ બનાવનું કારણ એ છે કે, ચમનલાલ ઉર્ફે સન્ની તેમજ મરણ જનાર ભવરસિંગ મુળ રાજસ્થાનના વતની છે, અને તેઓ એક જ ગામ અને એક જ ફળીયામાં આજુબાજુમાં જ રહેતા હોય, ત્યાં કેરીનું ઝાડ આવેલું છે. તેની માલિકી બાબતે અવારનવાર તેઓ બન્ને વચ્ચે ઝઘડો થતો હતો અને તેના કારણે ભવરસિંગ નેવીટેક્સ કંપનીમાં જ્યારે જ્યારે આવતો ત્યારે ચમનલાલ ઉર્ફે સન્ની તથા ભેરુલાલ ઉર્ફે હીરો સાથે ઝઘડો થતો હતો. તેની અદાવત રાખી આ બન્ને આરોપીઓએ ભવરસિંગને મારી નાંખવાનો ઈરાદો નક્કી કરી તેની હત્યા કરી હતી. આ હત્યામાં અન્ય બે આરોપી નોજારામ ઉર્ફે મહેન્દ્ર તથા મોહનલાલે લાશને સગેવગે કરવામાં મદદ કરી હતી. જેથી નોજારામ ઉર્ફે મહેન્દ્રની પુછપરછ કરી કોસંબા પોલીસે તપાસ હાથ ધરી છે, જ્યારે મોહનલાલ તેના વતનમાં રાજસ્થાન ખાતે જતો રહેલા તેને ઝડપવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.